# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૨૮૪૯૯૬૩૨૪ | ગુરુવાર ૪ જૂન, ૨૦૨૬



## ભરૂચમાં બાંગ્લાદેશી ઘૂસ્યાની આશંકા: 200 શંકાસ્પદ ઝપેટે

**SOG અને પોલીસનું મેગા સર્ચ ઓપરેશન**



ભરૂચ: ભરૂચ જિલ્લામાં બાંગ્લાદેશી ઘૂસણખોરોએ આશ્રય લીધો હોવાની બાતમીના આધારે ભરૂચ એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમોએ મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઓપરેશન અંતર્ગત ઔદ્યોગિક ભરૂચ શહેર, અંકલેશ્વર, દહેજ જેવા સંવેદનશીલ અને વ્યાપારી વિસ્તારોમાં રાતભર સઘન કોમ્બિંગ કરીને શંકાસ્પદ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

પોલીસ પ્રશાસને ખાસ કરીને રહેણાક વિસ્તારો, શ્રમિકોની વસાહતો, ઝૂંપડપટ્ટીઓ અને બાંધકામ હેઠળની સાઈટ્સ પર તપાસ તેજ કરી છે. અત્યાર સુધીમાં 200થી વધુ શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી તેમના દસ્તાવેજો અને ઓળખપત્રોની ઝીણવટભરી ચકાસણી શરૂ કરવામાં આવી છે. આ વિશેષ અભિયાન આગામી દિવસોમાં પણ ચાલુ રહે તેવા સંકેત છે. જિલ્લાભરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે અને નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસને જાણ કરે. ઓપરેશનના કારણે સમગ્ર જિલ્લાના શંકાસ્પદ વસાહતીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જિલ્લામાં ઘુસણખોરો ઔદ્યોગિક વિસ્તારોને પોતાનું આશ્રયસ્થાન બનાવી રહ્યા હોવાના ચિંતાજનક વિગતો સામે આવી રહી છે. શહેરોમાં બાંગ્લાદેશીઓના પડાવ બાદ હવે ગામડાંમાં પણ તબીબી વ્યવસાયની આડમાં આવા બોગસ તબીબોનો રાફડો હોવાની આશંકા છે. આરોગ્ય વિભાગે આ મામલે તાત્કાલિક તપાસ હાથ ધરવાની જરૂર છે.

# રાખસકુંડીમાં સંજીવની દૂધનાં પેકેટ્સ ગટરમાં ફેંકાતાં ગ્રામજનોમાં આક્રોશ

**આદિવાસી** વિસ્તારોનાં બાળકો તંદુરસ્ત બને તે માટે કરોડોનું બજેટ ફાળવાય છે, પણ જમીની હકીકત અલગ



સાગબારા, ભરૂચ: કુપોષિત બાળકોના પોષણ માટે સરકાર દ્વારા આપવામાં આવતું 'સંજીવની' દૂધ ડેડિયાપાડા-મોવી હાઈવે પર આવેલા રાખસકુંડી ગામે કોતરમાં ફેંકાયેલી હાલતમાં મળી આવ્યું છે. આ ઘટનાએ સ્થાનિકોમાં નારાજગી સાથે પ્રશ્નો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ સંજીવની દૂધના પેકેટો કોતરમાં પડેલા હાલતમાં જોવા મળ્યા છે. સ્થાનિક ગ્રામજનોનું કહેવું છે કે, "દૂધ અમૃત સમાન હોય છે, પરંતુ કુમળાં બાળકોના પેટમાં જતાં પહેલાં જ તે કોતરોમાં નાંખવામાં આવે છે. આ ગંભીર બેદરકારી છે." ગ્રામજનોએ શંકા વ્યક્ત કરી છે કે, કદાચ વિતરણ દરમિયાન જ આ પેકેટો નાશ કરવા માટે નહીં, પરંતુ બાળકો સુધી પહોંચાડવાને બદલે ફેંકી દેવામાં આવ્યાં હોય. આ મામલે નિષ્પક્ષ તપાસ અને જવાબદાર લોકો સામે કાર્યવાહીની માંગ ઊઠી છે.

નોંધનીય છે કે, આ પહેલીવાર નથી જ્યારે સરકારી દૂધ યોજનાનાં પેકેટ્સ આ રીતે ફેંકાયેલાં મળ્યા હોય. ત્યાર પહેલાં પંચમહાલના ગોધરાના આંગળિયા ગામ પાસે પણ સંજીવની દૂધનાં પાઉચ કોઝ-વેના નાળામાં ઢગલાબંધ મળી આવ્યાં હતાં. એટલું જ નહીં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CAG)એ પોતાના અહેવાલમાં પણ ગુજરાતમાં મિડ-ડે મિલ અને દૂધ યોજનાના અમલીકરણમાં ગંભીર ખામીઓ શોધી કાઢી હતી.

આદિવાસી વિસ્તારોમાં કુપોષણ નિવારણ માટે સરકાર કરોડોના ખર્ચે સંજીવની યોજના ચલાવી રહી છે. આવી સ્થિતિમાં જ્યારે જ દૂધનાં પેકેટ્સ કોતરો અને નાળાંમાં વહેતાં જોવા મળે છે, ત્યારે સરકારી તિજોરીનાં નાણાંનો દુરુપયોગ કરનારાઓ સામે પ્રશ્નો ઊઠવા સ્વાભાવિક છે. આ મામલે સ્થાનિક વહીવટી તંત્ર તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી, પરંતુ ગ્રામજનોએ આ ઘટનાની તાત્કાલિક તપાસની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સોશિયલ મીડિયા પર ફ્રી મૂવીની લાલચમાં ભરૂચની મહિલા સાથે છેતરપિંડી

ભરૂચ: ભરૂચના અંકલેશ્વરના કોસમડી ખાતે રહેતા 54 વર્ષીય ભારતીબેન બોરસે ઈન્સ્ટાગ્રામ પર 'ફ્રી મૂવી અને ટીવી સિરીયલ'ની એડ્ જોઈ છેતરાયાં છે. એડ પર ક્લિક કરી એક અજાણી APK ફાઈલ ડાઉનલોડ કરતાં જ સાયબર ઠગોએ તેમનો મોબાઈલ હેક કરી લીધો હતો. ઠગોએ તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી 1,58,000 અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી 98,000 મળી કુલ 2,56,000 બારોબાર ટ્રાન્સફર કરી લીધા હતા. મોબાઈલ પર 'સોફ્ટવેર અપડેટિંગ' દેખાતા અને ગૂગલ પે ટ્રાન્ઝેક્શન ફેઈલ થતા મહિલાને છેતરપિંડીની જાણ થઈ હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજમાં લોક રિપેર કરવાના બહાને અઢી તોલાના મંગળસૂત્રની ચોરી

કામરેજ: કામરેજના ખોલવડ ગામે રહેતા બળદેવભાઈ ચોસલાના ઘરે એક અજાણ્યો શખ્સ સરદારજીના વેશમાં કબાટનું લોક રિપેર કરવા આવ્યો હતો. આ સમયે બળદેવભાઈ તેલ લેવા બાજુના રૂમમાં ગયા, ત્યારે તકનો લાભ ઉઠાવી સરદારજી કબાટમાં મૂકેલું મંગળસૂત્ર ચોરી રફુચક્કર થઈ ગયો હતો. આ મંગળસૂત્ર બળદેવભાઈનાં બહેન ગીતાબેનનું હતું, જેઓ વેકેશનમાં ભાઈના ઘરે આવ્યાં હતાં. મંગળસૂત્ર ગાયબ જણાતાં આસપાસ શોધખોળ કરી હતી, પરંતુ સરદારજીનો કોઈ પત્તો મળ્યો ન હતો. આખરે ૧,૩૦,૦૦૦ની કિંમતના અઢી તોલાના મંગળસૂત્રની ચોરી અંગે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### ભરૂચના માંચ ગામમાં સફાઈ બાબતે ઝઘડો



ભરૂચ: ભરૂચના માંચ ગામમાં ઘર પાસે સફાઈ કરવા જેવી નજીવી બાબતે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હતો. આમલીના ઝાડ નીચે સફાઈ કરવા બાબતે થયેલી બોલાચાલી બાદ પાડોશમાં રહેતા ચાર શખ્સોએ એક જ પરિવાર પર લાકડાના ડંડા અને ગડદાપાટુથી હુમલો કર્યો હતો. આ હિંસક હુમલામાં ફરિયાદી અને તેમની પત્ની સહિત પરિવારના ચાર સભ્યોને માથા તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. નબીપુર પોલીસે આ મામલે મુનાફ હાથિયા, આદમ હાથિયા, ઇબ્રાહિમ હાથિયા અને અજીમા હાથિયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાગરાના ખોજબલ ગામે વૃદ્ધ પર હુમલો

ભરૂચ: વાગરાના ખોજબલ ગામે જૂના ઝઘડાની અદાવતમાં 63 વર્ષીય પશુપાલક યાકુબભાઈ ભાવા પર ચપ્પુ વડે હુમલો થયો હતો. તેઓ પોતાની ભેંસો લેવા જઈ રહ્યા હતા, ત્યારે સામાન્ય વિવાદ બાદ આરોપી હનીફ બંગલીવાલા, ચંદ્રકાંત ઉર્ફે ટીનો અને તેની માતા જમનાબેન રોહિત રિક્ષા લઈને ત્યાં ધસી આવ્યાં હતાં. ત્રણેયે ગાળો આપી વૃદ્ધને માર માર્યો હતો. દરમિયાન હનીફે પશુપાલકને પકડી રાખ્યા હતા અને ચંદ્રકાંતે ચપ્પુ વડે તેમના હાથ પર ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં વૃદ્ધને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. વાગરા પોલીસે માતા-પુત્ર સહિત ત્રણેય હુમલાખોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં અકસ્માતમાં શિક્ષક ઘાયલ

ભરૂચ: ભરૂચની ઝાડેશ્વર ચોકડી પાસે એક બેફામ ટ્રક ચાલકે મોટરસાઇકલને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. અંકલેશ્વરની સ્વામી વિવેકાનંદ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય પ્રકાશભાઈ નવીનચંદ્ર જાદવ પોતાની બાઈક નં.(GJ-16-CP-5160) પર જઈ રહ્યા હતા, ત્યારે નર્મદા ચોકડી સર્વિસ રોડ પર એક ટ્રક નં.(GJ-16-36-T-5441) ના ચાલકે તેમને અડફેટે લીધા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં શિક્ષક પ્રકાશભાઈને ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી ટ્રક ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત શિક્ષકને સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે ભરૂચ સી ડિવિઝન પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં પિકઅપ ચોરીમાં સંડોવાયેલો આરોપી પકડાયો

વ્યારા: તાપી LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે બાતમીના આધારે ગત તા.2-6-2026ના રોજ વ્યારામાં પિકઅપ ચોરીમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી અઝીઝ મુખ્તાર મલિક (ઉં.વ.56) (રહે.,ગરીબ નવાઝ નગર, સો કુટી રોડ, ધુલિયા, મહારાષ્ટ્ર)ને વ્યારાના જૂના બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડ્યો હતો. જ્યારે હજુ ત્રણ આરોપી સદાનંદ ઉર્ફે મુરલીધર અમૃતકર (રહે.,નાશિક, મહારાષ્ટ્ર), અવદેશ નારાયણ ઉપાધ્યાય (રહે.,પંચવટી, નાશિક), અન્ય એક અજાણ્યા ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પકડાયેલો આરોપી અઝીઝ મલિક ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જેની સામે મહારાષ્ટ્ર તેમજ સેલવાસ, વાપી અને કપરાડામાં ગુના નોંધાયેલા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજપીપળા નજીક જીતનગરમાં ગાંજો પકડાયો

રાજપીપળા: રાજપીપળા નજીક આવેલા જીતનગર ગામમાં પોલીસે બાતમીના આધારે એક મકાન પર દરોડો પાડી ગેરકાયદે માદક પદાર્થ ઝડપી પાડ્યો છે. એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેક્ટર સી.ડી.પટેલ અને તેમની ટીમ દ્વારા હિતેશભાઈ અરવિંદભાઈ વસાવાના ઘરમાં રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ઘરમાંથી વગર પરમિટનો ૬૩૮ કિલો સૂકો ગાંજો, જેની કિં. ૮૧,૯૦૦ થાય છે, તેમજ એક મોબાઈલ ફોન જપ્ત કરાયો હતો. આ કેસનો અન્ય આરોપી જયંતીભાઈ તડવી પોલીસને જોઈ ભાગી છૂટતાં પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

### પરીઆમાં કંપની બહાર પાર્ક કરેલી બાઇક ચોરાઈ

સાયણ: ઓલપાડના કુડસદ ગામે રહેતા અને મૂલ યુપીના જયપ્રકાશસિંગ ચૌહાણ ગત ૨૬ મેના રોજ પરીઆ ગામની સીમમાં આવેલી ગુરુદેવ ટેક્સટાઈલ્સ કંપનીએ નોકરીએ આવ્યા હતા. તેમણે કંપની બહાર પાર્ક કરેલી રૂ.૩૦,૦૦૦ની મોટરસાઇકલ નં.(જીજે-૦૫-એસએલ-૯૭૨૩) કોઈ અજાણ્યો ચોર ચોરી ગયો હતો. બાઈક ન મળતાં તેમણે ઓનલાઈન ઈ-એફઆઈઆર નોંધાવી હતી, જેના આધારે ઓલપાડ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ વડે ચોરની શોધખોળ હાથ ધરી છે.

### મોરિયાણા પાટિયા પાસે ઊભેલી ટ્રક સાથે બાઇક અથડાતાં એકનું મોત

નેત્રંગ: નેત્રંગ-અંકલેશ્વર માર્ગ પર સર્જાયેલા ગંભીર અકસ્માતમાં સાગબારાના મોટી દેવરૂપણ ગામના 33 વર્ષીય યુવક પ્રિતમ કોઠારીનું મોત નીપજ્યું હતું. પ્રિતમ ભરૂચની ફાઇનાન્સ કંપનીમાં મેનેજર હતો અને મોટરસાઇકલ પર ભરૂચ પરત ફરી રહ્યો હતો. મોરિયાણા પાટિયા પાસે રાત્રિના સમયે માર્ગ પર પાર્કિંગ લાઇટ કે આડશ વગર ઊભેલી એક બંધ પડેલી ટ્રક સાથે તેની મોટરસાઇકલ ધડાકાભેર અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. ગંભીર ઈજાઓના કારણે યુવકે સ્થળ પર જ દમ તોડ્યો હતો. આ મામલે મૃતકના પિતાએ ટ્રકચાલક આશિષ મડાવી (રહે.,કોરંબી, મોરગામ, મહારાષ્ટ્ર) વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### વ્યારાના મુસા ગામે ગોચર અને સરકારી જમીનો પર ગેરકાયદે બાંધકામ મુદ્દે રજૂઆત

વ્યારા: તાપીમાં વ્યારા જિલ્લા સેવા સદન કચેરીથી માત્ર 2 કિમીના અંતરે મુસા ગામમાં બિલ્ડરો દ્વારા સરકારી અને ગોચરની જમીનો પચાવી પાડી ગેરકાયદે રીતે રસ્તા અને અન્ય બાંધકામો ઊભા કર્યા હોવાના આક્ષેપ સાથે મુસાના ગ્રામજનોએ તાપી કલેક્ટરને જાહેર હિતની અરજી આપી બિલ્ડરો સામે કાર્યવાહી કરવાની માંગ સાથે રજૂઆત કરી હતી. મુસા ગામનો વિસ્તાર ભારતીય બંધારણ મુજબ અનુસૂચિ-5 હેઠળ ચાલી આવેલ હોય તેમજ ગામમાં મોટાપાયે રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બાંધકામો ઊભાં થતાં ગામમાં ગોચરની જમીન નહીંવત્ માત્રામાં બચી છે. ત્યારે ગામમાં કેટલાક બિલ્ડરો દ્વારા ગામની પૂર્વ મંજૂરી વિના સરકારી અને ગોચરની જમીનો પચાવી પાડી ગેરકાયદે રીતે રસ્તા સહિત અન્ય બાંધકામો ઊભાં કર્યાં હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. જેમાં સરવે નં.260 (એ), સરવે નં.200/202 પર હાલમાં ગેરકાયદે બાંધકામ ચાલી રહ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમજ બિલ્ડરો પોતાના અંગત સ્વાર્થ માટે સરકારી અને ગોચરની જમીન પર ગેરકાયદે રીતે રસ્તા બનાવી રહ્યા હોવાના આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. જેમાં ગોચરની સરવે નં.195 ગેરકાયદે રીતે 40 ફૂટ જેટલી પહોળાઈનો રસ્તો કોઈ પણ જાતની મંજૂરી વિના બની રહ્યો છે. તંત્ર દ્વારા બિલ્ડરો સામે કડક પગલાં ભરવાની માંગ સાથે ગ્રામજનો દ્વારા તાપી કલેક્ટરને રજૂઆત કરાઈ છે.

### વાલોડ CMTC 17 બાળકો માટે 'સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ' બન્યું



વાલોડ: વાલોડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલું 'બાળ સેવા કેન્દ્ર' (CMTC) આજે આવાં બાળકોના સ્વાસ્થ્ય માટે ચિંતિત પરિવારો માટે આશાની નવી કિરણ બનીને ઉભર્યું છે. આ કેન્દ્રની વિશેષતા માત્ર બાળકની સારવાર પૂરતી મર્યાદિત નથી. અહીં બાળકની સાથે રહેતી માતાને પણ પોષણ, સ્વચ્છતા અને બાળકની યોગ્ય સંભાળ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવે છે. પૌષ્ટિક ખોરાક બનાવવાની સરળ પદ્ધતિઓ શીખવવામાં આવે છે, જેથી બે અઠવાડિયા પછી બાળક ઘરે પરત ગયા બાદ પણ તેના સ્વાસ્થ્યમાં સુધારો જળવાઈ રહે. અહીં 0થી 5 વર્ષના અતિ કુપોષિત (સિવીયર એક્યુટ માલન્યુટ્રિશન - SAM ) બાળકોને પૂરા બે અઠવાડિયા સુધી નિષ્ણાતોની સીધી દેખરેખ હેઠળ રખાય છે, જ્યાં બાળકની સાથે રહેનાર માતા માટે શુદ્ધ અને પૌષ્ટિક ભોજનની વિનામૂલ્યે વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત મજૂરી બંધ થવાના વળતર તરીકે સરકાર સીધી આર્થિક મદદ કરે છે આ અંગે કેન્દ્રના ન્યુટ્રિશન આસિસ્ટન્ટ મનિષાબેન ચૌધરીએ જણાવ્યું કે, વાલોડ બાળ સેવા કેન્દ્રમાં અતિ ગંભીર કુપોષિત બાળકોને 14 દિવસ સુધી નિષ્ણાતોની દેખરેખ હેઠળ રાખીને જરૂરી તબીબી સારવાર, સતત આરોગ્ય નિરીક્ષણ અને વિશેષ પૌષ્ટિક આહાર પૂરો પાડવામાં આવે છે, જેના કારણે નોંધપાત્ર સુધારો થાય છે.

# અમલસાડીના ખેડૂતોનો માંડવી DGVCL કચેરીએ હલ્લાબોલ

**કચેરીના** કેટલાક કર્મચારીઓ અને ખેડૂતો વચ્ચે બોલાચાલી, વીજ ધાંધિયાને લઈ ખેડૂતોની ઉગ્ર રજૂઆત



હિતેશ પટેલ

માંડવી: ખેતી માટે અપાતા વીજ પુરવઠામાં સતત જોવા મળતી અનિયમિતતા અને તેના કારણે ઊભી થયેલી મુશ્કેલીઓથી નારાજ થયેલા અમલસાડી ગામના ખેડૂતોએ માંડવી DGVCL કચેરીએ મોટી સંખ્યામાં પહોંચીને ભારે હલ્લાબોલ કર્યો હતો. ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે તેમને સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલા આઠ કલાકના બદલે ખૂબ જ ઓછા સમય માટે વીજળી આપવામાં આવી રહી છે. આ અન્યાય સામે ખેડૂતોએ કચેરીના અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. જો કે, આ દરમિયાન કચેરીના કેટલાક કર્મચારીઓ અને ખેડૂતો વચ્ચે બોલાચાલી થઈ હતી.

ખેડૂતોના જણાવ્યા અનુસાર અ મ લસાડી ગામે છેલ્લા કેટલાક સમયથી એગ્રીકલ્ચર ફીડર પરથી તેમને નિયમિત અને પૂરતો વીજ પુરવઠો મળી રહ્યો નથી. તેમાં પણ બે દિવસ અગાઉ આવેલા વાવાઝોડાને કારણે વીજ લાઈનમાં ફોલ્ટ સર્જાતાં વીજ પુરવઠો લાંબા સમય સુધી ખોરવાઈ ગયો હતો. DGVCLની રિપેરિંગ કામગીરીમાં ભારે વિલંબ થતાં છેક સાંજે ચાર વાગ્યે વીજળી શરૂ કરાઈ હતી, પરંતુ રાત્રે આઠ વાગ્યે ફરીથી શટડાઉન કરી દેવાતાં ખેડૂતોને માંડ ચારથી પાંચ કલાક જ વીજ પુરવઠો મળ્યો હતો. ખેડૂતોએ તંત્ર સામે સીધો આક્ષેપ લગાવ્યો છે કે લાઈનમેન અને જવાબદાર કર્મચારીઓ સમયસર ફરજ પર હાજર રહેતા નથી, જેના કારણે સામાન્ય ખામીઓ દૂર કરવામાં પણ કલાકો નીકળી જતાં ઊભા પાકને અસર થાય છે. આ આક્રોશ વચ્ચે ખેડૂતોના પ્રતિનિધિ મંડળે DGVCLના ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ મળીને વિસ્તૃત રજૂઆત કરી હતી. અંતે, અધિકારીઓએ ખેડૂતોની સમસ્યા સાંભળી ઉકેલની ખાતરી આપી હતી.

## વાંકલના યુવાનનું અકસ્માતમાં મોત



વાંકલ: માંગરોળના ગડકાછ બસ સ્ટેન્ડ પાસે મોડી રાત્રે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વાંકલ ગામના ૩૯ વર્ષીય વિનોદભાઈ વસાવા પોતાની બાઈક નં.(GJ-19-BL-1355) પર નોકરીએ જઈ રહ્યા હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવતી હાઈવા ટ્રક નં.(GJ-16-AV-5454) એ તેમને અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં ગંભીર ઈજા થતાં યુવકનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક વાહન મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કુડસદમાં વેપારીને માર મારી દુષ્કર્મના કેસમાં ફસાવવાની ધમકી

કીમ: કુડસદમાં વેપારીને મારામારી અને ખોટા દુષ્કર્મના કેસમાં ફસાવવાની ધમકીની ઘટના નોંધાઈ હતી. કીમના ગણેશનગરમાં રહેતા અને વેપાર કરતા કમલેશ જૈને ફરિયાદ નોંધાવી છે કે તા.27 મેના રોજ સાંજે કુડસદમાં પવનપુત્ર એજન્સી ખાતે આરોપી શિલ્પી સંતોષ કુશ્વાહ દુકાનમાં ઘૂસી આવી હતી. બાથરૂમનું પાણી ન જતું હોવાની બાબતે તકરાર કરી ગાળાગાળી શરૂ કરી હતી. બાદ આરોપીએ ફરિયાદીને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત ઢીક્કામુક્કીનો માર મારી દુકાનમાં તેમજ જાહેર સ્થળે હોબાળો મચાવ્યો હતો. આ અંગે કીમ પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા-કલમ 115(2), 296, 332(સી), 351(3) અને 352 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# અસનાડમાં ફાર્મમાં જુગાર રમતાં ૬ ઝડપાયા, 46 લાખનો મુદ્દામાલ કબજે

**જુગારીઓમાં** સુરત શહેર અને બારડોલીના ઇસમોનો પણ સમાવેશ

**એક** મહિલા સહિત ૧૦ આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યાં

સાયણ: ઓલપાડના અસનાડના નવલ કંથારીયાના ફાર્મમાં ચાલતા જુગારધામ પર ઓલપાડ પોલીસે રેઈડ કરી કુલ૪૬,૭૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં ૫૦,૦૦૦ રોકડા, ૬ મોબાઈલ, ૪ ફોર વ્હીલર અને ૩ મોટરસાઈકલ સામેલ છે. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમતા ૬ આરોપીને ઝડપી પાડ્યા હતા, જ્યારે ૧ મહિલા સહિત ૧૦ આરોપી ભાગી છૂટવામાં સફળ રહ્યાં હતાં.

પકડાયેલા આરોપીઓમાં સુરતના ઓમાન ઈસ્માઈલ બાવાની (તુલસી ફળિયું), મોહમંદ યાસર કુતબુદીન (રામપુરા), સાજીદ અબ્દુલ રજાક મોટીયાણી (સૈયદપુરા), લક્ષ્મણ મનોજ આર્યા (સગરામપુરા) તથા બારડોલીના મોટી ફરોડ ગામના મિતેશ મુકેશભાઈ પટેલ અને રમણ ભીખા પરમારનો સમાવેશ થાય છે.

તો મગર ઉર્ફે ભાવેશ તલાવડી (સગરામપુરા), રોશન (રાંદેર), ભારતીબેન ઉર્ફે ભગીબેન ભાટીયા (રાંદેર), જુગાર રમાડનાર કતારગામના બે સગા ભાઈ નવનીત ઉર્ફે નવલ પ્રવીણભાઈ કંથારિયા અને રાજેશ કંથારીયા તથા સ્થળ પર વાહનો (કાર નં.GJ-05-PD-5769, GJ-05-RU-2075, ત્રીજી અજાણી કાર અને બાઈક/મોપેડ નં.GJ-05-MX-7725, GJ-05-TE-6499, GJ-05-MY-2827) મૂકી ભાગી જતાં ફરાર જાહેર કરાયા હતા. તમામ ૧૬ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ - આર.એમ.મકવાણા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, હાંસોટની કોર્ટમાં**

જન્મ/મરણ નોંધણી અરજી કેસ નં.૨૫/૨૦૨૬
ક્રમાંક: એડીએમ/વશી/૧૮૯ થી ૨૧૫/૨૦૨૬

અરજદાર: અનીસાબીબી ફતેહભાઈ મહીડા તે મેહબુબભાઈ કાલુભાઈ મહીડાની પત્ની, રહે.૩૧/૩૨,૩૩, મનહાઉસ, અમનપાર્ક સોસાયટી, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી કાંટાસાયણ, તા.હાંસોટ, જિ.ભરૂચ

આથી, આ નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રી અનીસાબીબી ફતેહભાઈ મહીડા તે મેહબુબભાઈ કાલુભાઈ મહીડાની પત્ની નો જન્મ તા.01/01/1969નાં રોજ મોજે.કાંટાસાયણ, તા.હાંસોટ, જિ.ભરૂચ ખાતે થયેલ હોવા અંગે, સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં સદરહુ બનાવની નોંધણી કરે, તેવો હુકમ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં સદરહુ અપીલ અરજી દાખલ કરેલ છે. સદરહુ બનાવની નોંધણી સામે કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનો વાંધો હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો, ઉપલબ્ધ પુરાવાઓને આધારે યોગ્ય તે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (આર.એમ.મકવાણા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, હાંસોટ.

**જાહેર નોટીસ - એમ.બી.ભોઈ, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ વ્યારાની કોર્ટમાં**

કેસ નં.૧૧૯/૨૦૨૬

અરજદાર:- ચૌધરી પંકજભાઈ સિંગાભાઈ, રહે. ઉંચામાળા (ભાઠી ફળીયુ), તા. વ્યારા જિ.તાપી

વિરૂધ્ધ

સામાવાળા:- રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને તલાટી કમ મંત્રી, ઉંચામાળા તા.વ્યારા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણ ની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં ચૌધરી નરેન્દ્રભાઈ સિંગાભાઈનું મરણ તા.૨૬/૦૯/૨૦૧૫ના રોજ મોજે.ઉંચામાળા તા.વ્યારા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી તલાટી કમ મંત્રી, ઉંચામાળાના રેકર્ડ દફતરે નોંધ કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રી, ઉંચામાળાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા સંબંધિત ગ્રામપંચાયત કચેરી/નગરપાલિકા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એમ.બી.ભોઈ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વ્યારા જિ.તાપી

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૨૬/૨૦૨૬
તા.૦૨/૦૬/૨૦૨૬

વાદી :- રમેશભાઈ ધુલાડભાઈ વસાવા, રહે.મહુવેજ, પોકીયું ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મહુવેજ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રમેશભાઈ ધુલાડભાઈ વસાવા, રહે. મહુવેજ, પોકીયું ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૫એ તેઓના માતા માનીબેન ધુલાડભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: માનીબેન ધુલાડભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૧૯/૦૩/૨૦૧૩ ૩. મરણનું સ્થળ: મોજે.મહુવેજ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે માનીબેન ધુલાડભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત


Milano MULTIPLEX
બારડોલી
Peddi
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Chand Mera Dill - 06:30pm
Shubh Mangal Dhamal-Gujarati 04:00pm
Kabanda-Gujarati - 10:00am
Krishnavataram Part 1 - The Heart 01:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



